આજે ગાંધીનગર ખાતે ટેકનીકલ એજ્યુકેશન બોર્ડના વિવિધ કોર્ષ બંધ કરવાના નિર્ણય સામે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઇ. દ્વારા જુના સચિવાલય સંકુલમાં દેખાવો કરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થી અગ્રણી અંકિત બારોટ તેમજ અન્ય વિદ્યાર્થી આગેવાનોની ઉપસ્થિતિમાં આ આવેદનપત્ર આપી સરકારને તેના નિર્ણયમાં પુનઃ વિચારણા કરવા માંગણી કરવામાં આવી છે.

તલવાર સાથે સરકારી ગાડી લઈને આવેલા ચાર જણાએ ધમાલ મચાવી

સોનારડા ગામમાં દારૂના નશામાં આવી પહોંચી વાડા બાબતે માથાકુટ કરી : તલવાર જપ્ત કરીને બે ની ધરપકડ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક આવેલા સોનારડા ગામમાં ગઈરાત્રીએ સરકારી ગાડી લઈને તલવાર સાથે ચાર શખ્સો એક ઘર આંગણે ઘુસી ગયા હતા અને નશામાં ધુત હાલતમાં ગાળાગાળી કરી વાડા બાબતે માથાકુટ કરીને ધમાલ મચાવી મુકી હતી. ડભોડા પોલીસે તલવાર સાથે બે પીધેલા શખ્સોની ધરપકડ કરી લીધી છે. જ્યારે બે હજુ ફરાર છે. ચારેય વિરૂદ્ધ ગુનો નોંધી ડભોડાના જમાદાર કિરિટસિંહે તપાસ શરૂ કરી છે.

ગઈકાલે મોડી સાંજે સોનારડા ગામમાં રહેતા સાગર માલજીભાઈ રબારીના ઘર આગણે સરકારી ગાડી નં. જીજે-૧૮-જી-૨૯૮૫ લઈને ચાર જણાવાડાની ચાલતી માથાકુટને મામલે તલવાર સાથે આવી પહોંચ્યા હતા. નવિન મોહન પરમાર, અશોક નવીન પરમાર, વિજય ગણપત વાઘેલા અને વિપુલ આત્મારામ ચાવડા નામના ચાર શખ્સો આવી પહોંચ્યા હતા અને વિપુલ તલવાર લઈને બહાર નિકળ્યો હતો. ચારેય જમાએ ગાળાગાળી કરીને માથાકુટ શરૂ કરી દીધી હતી. ડભોડા પોલીસને જાણ થતા પોલીસ આવી પહોંચી હતી અને ધમાલ મચાવનાર પીધેલા બે શખ્સો વિપુલ અને વિજયની ધરપકડ કરી ફરાર થઈ ગયેલા બે શખ્સોની શોધખોળ શરૂ કરી છે. સરકારી ગાડી સ્વીફ્ટ ડીઝાઈયર એક અધિકારીની ગાડી હતી જે તેમનો ડ્રાઈવર વિપુલ ચાવડા જાણ બહાર લઈને પહોંચી ગયો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રેમિકાના લગ્નને દસ દિવસ બાદ પુર્વ પ્રેમીએ ગુજાર્યો બળાત્કાર

લિવિંગ સર્ટી પાછુ આપવા પથિકાશ્રમ સર્કલ બોલાવીને પ્રેમિકાને કેફી દ્રવ્ય મીલાવેલુ પીણુ પીવડાવી બેભાન કરી દીધી અને પાંચ દિવસ બસમાં લીમડી, માઉન્ટ આબુ ફેરવી બળાત્કાર કર્યો હોવાની ફરીયાદ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ વિસ્તારમાં રહેતી યુવતીના લગ્ન થયાને ૧૦જ દિવસ બાદ પુર્વ પ્રેમીએ તેણીને પોતાની પાસે પડેલુ લિવિંગ સર્ટીફિકેટ પરત આપવા પથિકાશ્રમ સર્કલ બોલાવી અને ઠંડા પીણામાં કેફી દ્રવ્ય મીલાવી બેભાન કરી દઈ બસમાં આબુ, લીમડી જેવા વિસ્તારોમાં સતત પાંચ દિવસ ફેરવીને મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજાર્યો હોવાની ફરીયાદ સે. ૭ પોલીસમથકે નોંધાવા પામી છે. સેકન્ડ પી.આઈ. પી.ટી. બોદરે ભોગ બનનાર યુવતીની ફરીયાદ મુજબ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બળાત્કારનો ભોગ બનેલી શહેરના સેક્ટર-૧૩માં રહેતી યુવતીએ નોંધાવેલી પોલીસ ફરીયાદ મુજબ તેણીના લગ્ન મે માસના છેલ્લા અઠવાડિયામાં થયા હતા. લગ્ન થયાને દસ જ દિવસ બાદ તેણીના અમદાવાદ ગીતામંદિર સામેના વિસ્તારમાં રહેતા પુર્વપ્રેમી મહેશ ઉર્ફે કાળુ ભીખાભાઈ વાઘેલાનો કોલ આવ્યો હતો અને તેણી પાસે યુવતીનું લિવિંગ સર્ટીફિકેટ પડ્યુ હતુ તે પરત કરવા માટે પથિકાશ્રમ સર્કલે બોલાવી હતી. એલ.સી. આપવાના બહાને પથિકાશ્રમ બોલાવીને મિત્રતાનો દુરુપયોગ કરી ઠંડા પીણામાં કોઈ કેફી પદાર્થ મિલાવી દઈ યુવતીને પીવડાવી દેતા તે અર્ધબેભાન થઈ ગઈ હતી. તેણીને બસમાં લીમડી, માઉન્ટઆબુ જેવા સ્થળોએ પાંચ દિવસ સુધી ફેરવી હતી. લીમડી બસ સ્ટેન્ડે યુવતીને તેણીના મામા દેખાતા ત્યાં ભેટી પડી હતી અને રડવા લાગી હતી. પાંચ દિવસ તેણી પર અલગ અલગ જગ્યાએ લઈ જઈને મરજી વિરૂદ્ધ સંબંધ બાંધ્યો હોવાનું જણાવી સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ આપી છે. બળાત્કારનો ગુનો નોંધીને પી.આઈ. બોદરે ઉંડી તપાસ શરૂ કરી છે.

સેકટર-૫ના પડતર પ્રશ્નો માટે આંદોલનની વિચારણા

ગાંધીનગર, તા. ૧

સેકટર-૫ વસાહત મંડળની જનરલ સભા સે.-૫ના બગીચામાં ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષ સ્થાને મળી હતી.

સભાની શરૂઆતમાં ઉત્તરાખંડમાં સર્જાયેલા કુદરતી હોનારતમાં માર્યા ગયેલા યાત્રાળુઓના બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી અને શોક ઠરાવ પસાર કરવામાં આવેલ હતા.

સે.-૫ વસાહત મંડળના મહામંત્રી નરેશ પરમારે સ્થાનિક પ્રશ્નોની સરકારમાં થયેલ રજૂઆતોની જાણકારી આપી હતી અને વણઉકેલા પ્રશ્નો બાબતે ચર્ચાઓ કરી સરકારશ્રીમાં પુનઃ રજૂઆત અંગે અને જરૂર પડે સરકારશ્રીમાં ઉગ્ર રજૂઆત બાબતે સર્વે વસાહતીઓના સરકારની માંગણી કરી હતી.

સે.-૫ની સભામાં ઉપસ્થિત વસાહતીઓ દ્વારા સેકટરના પડતર પ્રશ્નો જેવા કે સેકટર-૫ નવી પાણીની ટાંકી બનાવી છતાં પુરા ફોર્શથી પાણી મળતું નથી. છેલ્લા એક માસથી ગંદુપાણી આવે છે. સે.- ૫માં દરેક વિભાગમાં ભરાઈ ગયેલા કચરાપેટીઓ ઉપાડવામાં આવતી નથી અને મોટાભાગે કચરો સળગાવવામાં આવે છે. અને સે.-૫માં જાહેર રોડ તથા આંતરિક વિભાગમાં સફાઈ થતી નથી. કચરાના ઢગ પડેલા છે. દુર્ગંધ મારે છે. રખડતાં ઢોર, કોમન પ્લોટમાં ગંદકી કરે છે. જાહેર રસ્તાની સ્ટ્રીટ લાઈટો એક વર્ષથી બંધ છે. જંગલની ઝાડીમાં ઝુંપડપટ્ટીના દબાણો વધ્યા છે. અસામાજિક તત્વો નાની મોટી ચોરીઓનું પ્રમાણ વધેલ છે.

સે.-૫ના રીંગ રોડ પર તારફેન્સિંગ તથા વાડા બનાવી દબાણો વધ્યા છે. વિટકોસ પણ જઈ શકતી નથી. સરકારી દવાખાનું હોવા છતાં બંધ છે. સરકારી પ્રાથમિક, માધ્યમિક પોલીસ ચોકી નથી. લગ્નવાડીની સગવડ નથી 'ખ' રોડ બાજુ કોટ બનાવેલ જેથી ચોરી અટકે,

કોર્પોરેટરોએ લોકસંપર્ક વધારવો પડશે. તેમની ગ્રાન્ટ સેકટરમાં જ વપરાવી જોઈએ. આંતરીક રસ્તાનું પેવર કામ બાકી છે. કવોલેટી જળવાયેલ નથી. ગટરના ઢાંકમા ઉપર ડામરનો રોડ કરેલ છે.

તેજસ્વી તારલાઓનું સન્માન કરવું. ઉપરોક્ત પ્રશ્નોનું નિરાકરણ ન આવે તો આંદોલનનું રણશિંગું ફુકવાનું નક્કી કરેલ છે. કેશરીસિંહ બિહોલા, નરેશ પરમાર, આર. એમ મહેતા, રસિકભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, જીતુભાઈ સુથાર, હર્ષદભાઈ જાની, ગોવિંદભાઈ પટેલ, હિંમાંશુ ભટ્ટ, બિપીનભાઈ જાની, રમેશભાઈ ચૌહાણ, કે.સી. સોલંકી, જેન્યુઅલ સૈયદ, સી. મોખરીયા, ઈશ્વરભાઈ દેસાઈ, મોહનભાઈ પરમાર, મધુભાઈ મિસ્ત્રી વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા છે.

નવા વર્ષના સેકટર-૫ના વસાહત મંડળના પ્રમુખ તરીકે કેશરીસિંહ બિહોલા, મહામંત્રી નરેશભાઈ પરમારની વરણી કરવામાં આવી હતી. બીપીનભાઈ જાનીએ આભાર દર્શન કરેલ હતા.

પિડીતો માટે દાનની અપીલ કરતુ માજી સૈનિક કલ્યાણ મંડળ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળ દ્વારા ઉત્તરાખંડમાં કુદરતી હોનારતથી પિડીતોની સહાય માટે દાનની અપીલ કરવામાં આવી છે.

ઉત્તરાખંડ રાજ્યના કેદારનાથ, બદ્રીનાથ, ગૌરીકુંડ, યમનોત્રી અને ગંગોત્રી સ્થળે કુદરતી હોનારતમાં લશ્કરના સૈનિકોએ જાનની બાજી લગાવી કાર્ય કર્યું છે. તેવા બાજીગર સૈનિકોને મદદરૂપ થવા ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળે દાનની અપીલ કરી છે. દાન માટે સંસ્થાના પ્રમુખ બી.પી. પ્રજાપતિ મો. નં. ૯૭૨૭૩૭૭૩૧૯, ઉપપ્રમુખ જે.વી. દુબે મો. નં. ૯૮૯૮૦૪૯૦૫૨ અને સહમંત્રી એન.જી. ચૌધરી મો. નં. ૯૪૨૮૬૦૮૦૬૬ નો સંપર્ક કરી દાન આપવા જણાવાયું છે.

પાટણથી અયોધ્યા સુધીની પગપાળા યાત્રાએ ગાંધીનગરના આંગણે વિરામ લીધો

પાટણ સહસ્ત્રલીંગ તળાવથી બાવન ગજની ધજા સાથે નીકળેલો પગપાળા યાત્રિકોનો સંઘ ગાંધીનગરના આંગણે તાજેતરમાં રોકાયો હતો. પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી બળદેવગીરીબાપુના સાનિધ્યમાં અમૃતભાઈ દેસાઈના ઘરે રોકાયેલા પગપાળા યાત્રિકોએ શોભાયાત્રા આખાય ગાંધીનગરમાં કાઢી હતી. પાટણથી અયોધ્યા ચિત્રકુટ સુધી પગપાળા યાત્રા યોજાઈ રહી છે. પગપાળા યાત્રા સંઘનું રોકાણ તાજેતરમાં ગાંધીનગરમાં આંગણે થયું હતું. આ પ્રસંગે શોભાયાત્રા ભુવાજી ઈશ્વરભાઈની આગેવાની હેઠળ યોજાઈ હતી. આ ઉપરાંત અમૃતભાઈના હસ્તે સેકટર-૧૫માં આવેલી ગોપાલક છાત્રાલયમાં તમામ વિદ્યાર્થીઓને ઈનામ આપવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. શોભાયાત્રામાં ગુજરાતભરના સાધુ-સંતો ભુવાશ્રીઓ અને આગેવાનો જોડાયા હતા. આ પ્રસંગે શકરાભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ દેસાઈ, વીરમભાઈ તથા તમામ સમાજના આગેવાનો અને અગ્રણીઓ તેમજ મેયર, ધારાસભ્યો, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન અને રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા અને શોભાયાત્રાને સફળ બનાવી હતી.

ડભોડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સાધારણ સભા યોજાઈ

ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાની ડભોડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૧૫મી વાર્ષિક સાધારણ સભા મંડળીના ચેરમેન દક્ષાબેન લલિતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં ચેરમેન દક્ષાબેને મંડળીની વધતી જતી પ્રગતિનો ચિતાર રજુ કર્યો હતો. ડભોડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી સમગ્ર રાજ્યમાં વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ગુજરાત સહકારી સંઘમાં પ્રથમ ક્રમે આવતા મંડળીને શિલ્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સામાન્ય સભામાં મંડળીના ૮૦ થી વધુ સભાસદો હાજર રહ્યા હતા. સેક્રેટરી કનૈયાલાલે વાર્ષિક પ્રગતિનો અહેવાલ રજુ કર્યો હતો. દિન-પ્રતિદિન અનેક અવરોધો વચ્ચે પણ મંડળી પ્રગતિના સોપાનો સર કરી રહી છે. સભાના ઉદ્‌ઘોષક મીઠાલાલ એમ. પટેલે જણાવ્યું હતુ. સભામાં અતિથિ તરીકે મધુબેન પટેલ, વાઈસ ચેરમેન આનંદીબેન પટેલે ઉપસ્થિત રહ્યા હતા.

ક્રાઈ એકેડેમીમાં આસી. ડ્રીલ ઈન્સ્પેકટર પર હુમલો થયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક આવેલી પોલીસ એકેડેમી ક્રાઈ ખાતે સ્થિત કેન્ટીનનાં ત્રણ માણસો ક્રાઈના એક રૂમમાં ઘુસીને કાંઈક ફંફોસી રહ્યા હતા ત્યારે ત્યાંથી આસી. ડ્રીલ ઈન્સ્પેકટર નિકળ્યાં. ત્રણેયને તે રૂમમાંથી બહાર કાઢી મુકતાં ત્રણેય નીકળી ગયા હતા. ત્યાર બાદ પરત ફરીને એક શખ્સે આસી. ડ્રીલ ઈન્સ્પેકટર ને પથ્થર મારી ઝપાઝપી કરતાં આ સંદર્ભે ત્રણેય વિરૂધ્ધ સરકારી કર્યમારી પર હુમલો કરવા બદલ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી ડભોડા પોલીસે શરુ કરી છે.

પોલીસ એકેડેમી ક્રાઈ ખાતે ૨૯મી જુને પી.આઈ.આઈ.ની તાલીમ પુરી થઈ હતી ત્યાર બાદ તે તમામ રૂમોનું ચેકીંગ ક્રાઈના આસી. ડ્રીલ ઈન્સ્પેકટર જીતેશ જગદીશભાઈ જાદવે શરુ કર્યું હતું તે દરમિયાન કેન્ટીનના કોન્ટ્રાકટર જતીનભાઈના ત્રણ માણસો જગો, પરેશ અને દિપો એક રૂમમાં કાંઈક ફંફોસી રહેલા નજરે ચઢયા હતાં. તાત્કાલિક ત્રણેયને જીતેશભાઈએ કાઢી મુકયા હતા. જગો થોડી વાર રહીને પરત આવ્યો અને આસી. ડ્રીલ ઈન્સ્પેકટરને છુટો પથ્થર માર્યો અને ઝપાઝપી કરી હતી. આ સંદર્ભે ત્રણેય શખ્સો વિરૂધ્ધ આસી. ડ્રીલ ઈન્સ્પેકટરે સરકારી કર્યમારી પર હુમલો કરવા સંદર્ભે ડભોડા પોલીસ મથકે ફરિયાદ આપતા પીએસઆઈ એસ.બી. વાઘેલાએ ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

પાટનગરમાં બગીચાઓમાં લાઈટીંગ, રમત-ગમતના સાધનોનો અભાવ

ગાંધીનગર, તા. ૧

હરિયાળા પાટનગરમાં હરિયાળી ચોમેર નજરે ચઢે છે. તેમાંય પહેલો વરસાદ ખુબજ સારો પડવાથી લીલોતરી ચારેબાજુ છવાઈ જવા પામી છે. પરંતુ શહેરમાં સેક્ટરે સેક્ટરે આવેલા બગીચાઓમાં લીલોતરી તો જોવા મળે છે, પરંતુ બાળકો માટે રમતના સાધનોનો સંપૂર્ણ અભાવ જોવા મળે છે. સાથોસાથ રાત્રી દરમ્યાન લાઈટીંગની પણ વ્યવસ્થા બગીચામાં થતી ન હોવાથી તંત્ર દ્વારા આ મામલે સત્વરે કામગીરી થાય તેવી માંગણી શહેરના સ્થાનિક રહિશો દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં સેક્ટરે સેક્ટરે બગીચાઓ આવેલા છે. ઘણા સેક્ટરોમાં તો સેક્ટરની આગવી ઓળખ આ બગીચાઓ દ્વારા મળતી હોય છે પરંતુ ઘણા બધા બગીચાઓ અત્યારે મૃતપાય હાલતમાં છે. તેમાં રમતગમતના સાધનોનો અભાવ તો છે જ પરંતુ સાથોસાથ રાત્રી દરમ્યાન સ્થાનિકો બગીચામાં પરવા જતા હોય છે. પરંતુ લાઈટીંગના અભાવના કારણે સ્થાનિકો બગીચાનો સંપૂર્ણ ઉપયોગમાં લઈ શકતા નથી. તંત્ર અવારનવાર રિનોવેશનના નાણા બગીચામાં ઠલવાય છે પરંતુ તે પૈસા ક્યાં જાય છે તે ખબર પડતી નથી. બગીચાઓ જાણે તંત્રના પૈસા ખાઈ જતા હોય તેવું માલુમ પડે છે. તેમ છતાં પણ તંત્ર દ્વારા બગીચાની માવજત થાય અને બેસવા માટેનું ઉત્તમ સ્થળ બને તેવી સ્થાનિકોની લાગણી અને માંગણી છે.

પાંચ શખ્સોએ બીજાના ખેતરમાં ઉગેલી બાજરી પર ટ્રેકટર ફેરવી દીધું

વાસણીયા ગામની સીમમાં બનેલી ઘટના : મહિલાની ફરિયાદને આધારે પાંચેય વિરૂધ્ધ ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર નજીક આવેલા વાસણીયા ગામની સીમમાં એક ખેતરમાં બાજરી ઉગી હતી કોઈ કારણોસર ગામનાં જ પાંચ શખ્સોએ મળીને ટ્રેકટર લઈ જઈને ખેતરમાં ઉગેલી બાજરીનો પાક ખેડી નાંખતા ખેડુતને ભારે નુકશાન થવા પામ્યું છે. ખેતર માલિક મહિલાની ફરિયાદ મુજબ પેથાપુર પોલીસે પાંચ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ વાસણીયા મહાદેવ ગામની સીમમાં સ્થિત સર્વે નં. ૧૦૦૯ વાળુ ખેતર કૈલાશબેન કિરીટસિંહ વાઘેલાનું છે જેમાં બાજરીનો સારો પાક ઉગ્યો હતો. ગામનાં જ પાંચ શખ્સોએ મળીને ગેરકાયદેસર પ્રવેશ કરીને પાકનો નાશ કરી દેતા ખેડુતને ભારે નુકશાન થવા પામ્યું છે. વાસણીયા ગામના ગોવિંદ નટવરસિંહ વાઘેલા, જનક સમતુજી વાઘેલા, ભરત રતુજી વાઘેલા, ટીનાજી બલુજી વાઘેલા સહિત પાંચ શખ્સો વિરૂધ્ધ કૈલાસબેને ફરીયાદ આપતા પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ ઓ.એમ. દેસાઈએ તટસ્થ તપાસ શરુ કરી છે.

ડેમોક્રેટિક પીપલ્સ એસો.ની ૧૩મી વાર્ષિક સભા મળી

ગાંધીનગર, તા. ૧

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની વર્ષ ૨૦૧૨-૧૩ની તેરમી વાર્ષિક સાધારણ તાજેતરમાં યોજાઈ હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે યોજાયેલી વાર્ષિક સાધારણ સભામાં ગરીબ તેજસ્વી દત્તક બાળકો લેવા બાબતે, તેના અભ્યાસ બાબતે, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ દ્વારા અનુસૂચિત જાતિના બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા, યોજનાઓની માહિતી તૈયાર કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

વાર્ષિક સાધારણ સભામાં સદ્‌ગત દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ અપાઈ તથા ગત વર્ષની સભાની કાર્યવાહી નોંધનું વાંચન તથા અહેવાલ રજુ કરાયો હતો. જેને સર્વાનુમતે બહાલી આપી હતી. મુક્તિધામમાં સંત સિરોમણી રોહિદાસ અને શહીદવીર મેઘમાયાની મૂર્તિઓના સ્થાપન બાબતે વિસ્તૃત માહિતી અપાઈ. ગરીબ તેજસ્વી બાળકોના વધુ અભ્યાસ માટે દત્તક લેવા જરૂરી ચર્ચા વિચારણા થઈ હતી. ૨૦૧૩-૧૪ના વર્ષ માટે સંસ્થાના સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે જયપ્રકાશ શાહની વરણી કરવામાંઆવી હતી. અનુસૂચિત જાતિના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે મળતા લાભ બાબતે સૂચનો કરાયા હતા. ઘરકામ કરતા ડોમેસ્ટીક સર્વન્ટ રસોઈયા, ડ્રાઈવર વગેરેને અકસ્માત થવાની શક્યતા છે. આવા લોકો માટે વાર્ષિક ૫૧ ભરી ૫૦,૦૦૦ રૂ.નો વિમો ઉતરાવી શકાય તે બાબતની ચર્ચા કરી હતી. સમગ્ર બેઠક ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને મળી હતી. સભાનું સંચાલન મહામંત્રી 'દધિ' મૂળજીભાઈ પરમારે કર્યું હતું.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૧૭

તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધનચક્કર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રાંઝણા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
યે જવાની હૈ દિવાની : ૧૨.૪૫
ફુકરે : ૪.૦૦
ધનચક્કર : ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
ધનચક્કર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

સૂર્યા, વાવોલ

રાંઝણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શિખંડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધનચક્કર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રાંઝણા: ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
એનીમી : ૧૦.૪૫, ૪.૧૫,
શોર્ટકટ રોમિયો : ૧.૩૦, ૧૦.૦૦

વિરાગ, કલોલ

મંગલફેરા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ બની રહ્યો છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ. આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે. કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કર્ક : આર્થિક ઉન્નતિ થશે. આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે.

સિંહ : જ્ઞાન શોધ કાર્યોમાં આપનું મન પરોવાશે. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિમર્શ થઈ શકે છે.

કન્યા : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદ ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી. ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓની લગતી બાબતોમાં યાત્રા અને ખર્ચ થશે.

તુલા : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. રોગ નિવારણાર્થે કાર્યો માટે યાત્રા પ્રવાસ થઈ શકશે.

વૃશ્ચિક : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

ધન : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. શુભ કાર્યોની શરૂઆત થશે. ધાર્મિક કાર્યો તરફ તમે પ્રેરાશો. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

મકર : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

કુંભ : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

ચિરવિદાય

- સ્વ. સૂર્યાબેન સુરેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૪૬૬/૨, સેકટર-૬/એ, ગાંધીનગર.
- સ્વ. મોતીભાઈ મોહનભાઈ પરમાર (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૭૩૭/૧, સેકટર-૫/બી, ગાંધીનગર.
- સ્વ. ગીતાબેન સવદાભાઈ ભરવાડ (ઉ.વ.૨૦) ખ-રોડ, સેકટર-૫/બી, પાછળના છાપરાં, ગાંધીનગર.